# વિચિત્ર રાજકીય પરિસ્થિતિના પરિમાણો

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિક્રમજનક વિજય મેળવ્યા પછી પણ સિકંદરની જેમ પાછું વળીને જોયું નથી. એમની નજર આકાશને આંબી રહી છે. ચંદ્રયાનની ઐતિહાસિક ઘટના તેઓ એકલા નહીં જુએ - એ લાઈવ ઘટના જોવામાં દેશનાં પચાસ બાળકો પણ એમની સાથે સામેલ હશે. ભવિષ્યને મુઠ્ઠીમાં લઈ ફરનારા વડાપ્રધાન જયાં જાય છે ત્યાંથી તે દેશનું સર્વોચ્ચ સમ્માન ઝડપતા આવે છે. અગાઉ આપણા રાજામહારાજાઓ અને ભીમ કે અર્જુન જેવા વીરપુરુષો જયાં જતા ત્યાંથી એકાદ સુંદરીને પરણી લાવતા. ત્યારે હિંદુ મેરેજ એક્ટ અસ્તિત્વમાં નહોતો. સૌંદર્ય અને સમ્માન લગભગ સાથે ચાલનારી બાબતો છે, બેઉ કયારેક તો એકમેકમાં ઓગળી જતાં હોય છે. ફ્રાંસ જેવા બૌદ્ધિકોના બૌદ્ધિક રાષ્ટ્રથી લઈ આરબ દેશો અને છેલ્લે રશિયા જેવી એક સમયની મહાસત્તાનું સર્વોચ્ચ સમ્માન મેળવી વડાપ્રધાને સમ્માન મેળવનાનો વર્લ્ડ રેકોર્ડ કર્યો છે. દેશના અર્થતંત્રની ચિંતા એમને નથી એવું તો કેમ માનીએ ? પરંતુ અર્થતંત્ર માટે મનમોહનસિંહ સહિતના તજજ્ઞ અર્થશાસ્ત્રીઓની સલાહ લેવાની જવાબદારી નાણામંત્રી નિર્મલા સીતારમમની છે. ભારતીય જનતા પાર્ટીના આદ્યસ્થાપકો અડવાણી કે મુરલી મનોહર જોષીએ સ્વપ્ને પણ કલ્પના નહીં કરી હોય કે એમની હયાતીમાં જ પાર્ટી વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી બનવાનું ગૌરવ હાંસલ કરશે અને એ પાર્ટીના વડાપ્રધાન ભારતનાં જ નહીં બલકે વિશ્વના નેતાઓ કરતાં એક ડગલું આગળ નીકળી જશે. જયપાલ રેડ્ડીની દિલ્હી ખાતે યોજાયેલી શ્રદ્ધાંજલી સભામાં મુરલીમનોહર જોષીએ આ મુદ્દે તેમનો બળાપો ઠાલવતાં કહ્યું પણ ખરું કે વડાપ્રધાન સામે મોઢામોઢ દલીલ કરે એવા નેતાઓની જરૂર છે. કોંગ્રેસમાં પણ ઈંદિરા ગાંધીથી લઈ સોનિયા ગાંધી સુધીના નેતાઓને મોઢામોઢ સાચી વાત સંભળાવી શકે એવા નેતાઓનો દુકાળ જ પ્રવર્તતો હતો. જેમણે મોઢું ખોલવાની હિંમત કરી તેમની છુટ્ટી થઈ જતી. શરદ પવાર અને પ્રણવ મુખર્જી ઉપરાંત બીજાં ઘણાં ઉદાહરણો આપી શકાય. પરંતુ હવે જયારે કોંગ્રેસનો ફુગ્ગો ફુટી ગયો છે ત્યારે કેટલાક નવા નેતાઓની જીભ જરૂર સળવળતી થઈ છે. મોદીની સતત ટીકા જ કરતા રહેવું તે બરાબર નથી એવું કહેનારા નેતાઓ સામે પગલાં લેવાની કાર્યકારી કોંગ્રેસ અધ્યક્ષમાં હિંમત નથી રહી. મધ્યપ્રદેશમાં દિગ્વિજયસિંહ અને કમલનાથ વચ્ચે સાંઠગાંઠ છે તો સામે ગ્વાલિયર ઘરાનાના રાજપુરુષે બાંયો ચડાવી દીધી છે અને પાર્ટીને અલ્ટિમેટમ પણ આપી દીધું છે. જયોતિરાદિત્ય સિંધિયાને મધ્યપ્રદેશ કોંગ્રેસ કમિટીના પ્રમુખ બનવું છે. જો એ નિર્ણય લેવામાં સોનિયા ગાંધી વિલંબ કરશે તો સિંધિયા કેસરિયાં કરવા તૈયાર છે. અમિત શાહે મહારાષ્ટ્રમાં જઈને કરેલું વિધાન ફક્ત મજાકમાં લેવા જેવું નથી. ભારતીય જનતા પાર્ટીમાં ભળવાથી નાનીમોટી તક મળવાની સંભાવના છે એટલું તો કોંગ્રેસ અને એનસીપીના નેતાઓ સમજી જ ગયા છે. અમિત શાહે પાર્ટીના દરવાજા પૂરા ખોલ્યા નથી કારણ કે તેઓ મોદીરાજમાં વિપક્ષ છે જ નહીં - એવી કાગારોળ કરવાની મીડિયાને તક આપવા માગતા નથી.

# એક અનોખો ત્રાસવાદ

ઊંચા ગજાના કવિ અને એક 'મેગેઝીન'ના કાવ્ય વિભાગના સંપાદકશ્રીને ત્યાં જવાનું થયું... ત્યારે એ મુરબ્બી થોડા વ્યગ્ર ને થોડા ઉગ્ર ચહેરે બેઠા હતા. એમનું આ સ્વરુપ જોઈ અમારાથી પૂછાઈ ગયું : 'કેમ, શું થયું, મુરબ્બી ?'

'ત્રાસવાદીઓનો ત્રાસ... બીજું શું !' એમણે ગુસ્સાથી કહ્યું.

'અરે... સાચી વાત છે. ત્રાસવાદ, આતંકવાદ, નકસલવાદ ભારે વકર્યા છે. દેશ આખો આતંકીઓ - ત્રાસવાદીઓના ભય હેઠળ જીવે છે. સરકાર ચિંતિત છે અને કડક પગલાં લઈ જ રહી છે... ત્યારે તમે આમ વ્યગ્ર ને ઉગ્ર બનશો તેથી શું થવાનું છે ?'

'એવી વાત નથી.'

'હં... હં... તમે કવિ એટલે ઋજુ, મૃદુ - સંવેદનશીલ હૃદયના એટલે દેશમાં ત્રાસવાદની વકરતી જતી કુપ્રવૃત્તિઓ વિશે વાંચી - જાણી તમારું હૃદય દ્રવી ઊઠે, તમે વ્યાકુળ થઈ જાવ એ સ્વાભાવિક છે...'

'અરે યાર, તમે સમજતા નથી... હું એ ત્રાસવાદની વાત નથી કરતો...'

'તો ?'

'હું તો કવિતાઓના ત્રાસવાદની વાત કરું છું !'

'કવિઓનો ત્રાસ ? ઓહ... સમજી ગયો. અમારા એક પરિચિય કવિતાઓ કરે છે. તે જયારે મળે ત્યારે 'પનુભાઈ, આ મારી તદ્દન ફ્રેશ-લેટેસ્ટ રચના છે. તમારી ભાભીને કચરો વાળતાં જોઈને સ્ફૂરેલી... સાંભળો...' કહી ધરાર ઊભો રાખી, રસ્તા ઉપર જ પઠન કરી અમને ત્રાસ આપે જ છૂટકો કરે છે... એ ત્રાસ આપે જ છૂટકો કરે છે... એ ત્રાસવાદની જ વાત કરો છો ને ? તમારે ત્યાં ય કવિઓ આવીને પરાણે કવિતા સંભળાવી ત્રાસવાદ ગુજારે છે, એમ જ ને ?'

'ના... હું તો કવિઓ મેગેઝીન માટે પોતાની કાવ્યકૃતિઓ મોકલીને જે ત્રાસ ગુજારે છે તેનાથી ત્રસ્તને વ્યગ્ર થઈ જાઉં છું !!'

'હેં ?'

'હા... એક દ કૃતિ મોકલીને ઝંપતા હોય તો સારું... પણ જો એમની મોકલેલી કૃતિ ના પસંદ થઈ હોય ને જાણ કરીએ તો બીજી ચાર મોકલી આપશે... જો કોઈને લખ્યું હોય કે તમારી રચના નબળી છે... આ આ ક્ષતિના કારણે સ્વીકારાઈ નથી... તો એ કવિ મહાશય વધુ સબળ કૃતિ રચવાનો મહાવરો કરવાને બદલે - કોઈ સારા કવિનું માર્ગદર્શન લઈ વધુ સારું સર્જન કરવાના બદલે મને જ બીજી કૃતિઓ પોસ્ટ કરશે ને હક્કથી લખશે : તમને સુધારવાની છૂટ છે... તમારી રીતે સુધારી - મઠારીને પણ અવશ્ય છાપશો.'

'માય ગોડ ! આ તો નર્યો જુલમ ને દાદાગીરી જ કહેવાય...'

'હાસ્તો... અરે, મેગેઝીનના દરેક અંકમાં સ્પષ્ટ સૂચના લખું છું કે 'એક સાથે એક જ કૃતિ મોકલવી... આપની સ્વીકૃત કૃતિ પ્રગટ કરાય પછી જ બીજી કૃતિ મોકલવી...' ને તોય સંપાદકની મેગેઝીનની સૂચનાની ધરાર 'ઐસી કી તૈસી' કરીને કેટલાય અતિ ઉત્સાહી કવિઓ એક સામટો દસ-બારનો થોકડો જ મોકલતા રહે છે... પાછા સાથે પત્રમાં લખશે : બધી જ સુંદર રચનાઓ સર્જાઈ છે.... ગમશે જ.... તમારી સૂચના જાણું છું પણ તમને પસંદગીની વિશાલ તક રહે તે માટે ઘણી કૃતિઓ મોકલી છે... વારાફરતી પ્રગટ કરશો તો વાંધો નથી... જાણે એ નહીં લખે તો હું એમની બધી જ કવિતાઓ સામટી છાપી ના દેવાનો હોઉં !'

'એમને બિચારાઓને એમ થતું હશે કે મારા યોગદાન વિના તમારા મેગેઝીન અંક બહાર નહીં પડી શકે... કાં મારી રચના વગર અંક નહીં શોભે !!'

'જવા દો ને, ભાઈ... વાત જ ના કરશો... ઘણા તો એમની કૃતિમાં કવિતા જેવું કંઈ જ ના હોય તોય ' મારા મિત્રોએ - મારી પત્ની - દીકરીએ આની પ્રશંસા કરીને કહ્યું કે આ ન તમારા સામયિક માટે જ લખાઈ છે એટલે ખાસ મોકલી છે. તમને જરૂર ગમી જશે. હવે એને કેમ સમજાવવું કે ભાઈ, તારા દોસ્તોને પરિવારજનો તને ખાલી ચગાવે છે...'




'હાસ્તો...'

'ને પનુભાઈ, ઘણા કૃતિ મોકલે તો ભલે મોકલે પણ પાછા પત્રમાં અંડરલાઈન કરીને લખશે : 'આ માસમાં અંકમાં પ્રગટ કરાશે તો ઉચિત ન્યાય મળશે...' હવે આ ઉચિત કોના માટે ? સંપાદકના નિર્ણય, એની સ્વતંત્રતા ખરી કે નહીં ?'

મુરબ્બી કવિની વાતો સાંભળી અને એમનો ગુસ્સો સમજાયો... એમણે મનનો ઉકળાટ ઠાલવવાનું ચાલું રાખ્યું : 'એમાંય દીપોત્સવી અંક ટાણે તો કવિઓનો ત્રાસવાદ ટોચે પહોંચે છે... 'ખાસ દિવાળી અંક માટે જ' લખીને ધડાધડ કૃતિઓ તો જાણે અમારા ઉપર ઉપકાર કરતા હોય એમ નોંધ મુકશે : હું ફક્ત દિવાળી અંક માટે જ લખું છું.... આ કૃતિ આપના દીપોત્સવી અંકમાં જ પ્રગટ કરવાની છે... ત્રાસવાદીઓ જેમ બંદુકની અણીએ માગણી પૂરી કરાવે એવું જ થયું ને ? આ ત્રાસવાદથી તો તોબા છે !!'

વડીલની વાતમાં વજુદ હતુ. પણ સર્જકોનું તો માતા જેવું હોય ને ? માતા પોતાના બાળકને વખાણે, આગળ કરે, જતન કરે એવું જ કવિ એની રચના માટે કરે... ભલે, પણ થોડો વિવેક દાખવે તો સામેનાને ત્રાસ ન થાય.... અમે આમ વિચારતા હતા ત્યાં કવિ-સંપાદકશ્રી બોલ્યા : 'હવે તો વોટ્સએપના કારણે હર કોઈ કવિ-લેખક બની ગયા છે.. કંઈક લખે - વોટ્સએપ પર શેર કરે, ગ્રુપમાં ઊંધુ ઘાલીને લાઈક કરે, 'વાહ... સરસ...આગે બઢો' ની કોમેન્ટ્સ મૂકે એટલે કવિ મહાશય ઝૂમી ઊઠે ને પછી મેગેઝિન્સ ઉપર ત્રાસવાદ ગુજારવાનું શરૂ ! આનો કોઈ ઉપાય ?'

'હા... હસતા મુખે ગાવું કે ગુજારે જે શિરે તારે, જગતનો નાથ તે સહજે.. ગણ્યું જે પ્યારું પ્યાર તએ.... અતિ પ્યારું ગણી લે જે...!!'

# સાત ચક્રો વિષે જાણવા જેવું

ચક્ર શબ્દ શરીરના એક બિંદુને સંદર્ભિત કરે છે જયાં ઊર્જાના શક્તિશાળી ચેનલો ભેગા થતા કેન્દ્ર બનાવે છે.સાત ચક્રો એટલે શું? સંસ્કૃત શબ્દમાં ચક્ર અર્થ 'ડિસ્ક' થાય છે. મુખ્ય સાત ચક્રો કરોડરજ્જુના પાયાથી માથાના તાજ સુધી ચડતા ક્રમમાં શરીરમાં એક વિશિષ્ટ કાર્યનું સંચાલન કરી અલગ ઉર્જા કેન્દ્રો છે જે શારીરિક સિસ્ટમના તમામ ભાગોને નિયમન કરે છે, ભાવનાત્મક પ્રક્રિયાથી માંડીને રોગ સામે પ્રતિકાર સુધીની દરેક વસ્તુને પ્રભાવિત કરે છે. આપણી શારીરિક, માનસિક, ભાવનાત્મક અને આધ્યાત્મિક સુખાકારીના તત્વો સાથે સંકળાયેલું છે. દરેક ચક્રનું પોતાનું નામ, રંગ, પથ્થરો અને સ્ફટિકો પર અસર કરે છે, અને તે ઊર્જાસભર ક્ષેત્ર કે જે તેનું નિયમન કરે છે. સાત ચક્રો તબક્કાવાર વિષયનું રસ પાન નીચે મુજબ છે.

**૧. રુટ ચક્ર – મુલધરા :**

મુલધરા ચક્ર નું સ્થાન ક્યાં છે ? ચક્રનો સૌથી નીચો પુરુષ શરીરમાં નીચેનો ભાગ અને માદા શરીરમાં ગર્ભાશય પર સ્થિત છે. પ્રથમ ચક્ર માટે સંસ્કૃત શબ્દ મુલાધરા છે,જે પવિત્ર ચક્ર તરીકે પણ ઓળખાય છે. કરોડના પાયા પર સ્થિત અસ્તિત્વનું મૂળ , શારીરિક શરીર, તમારા પર્યાવરણ અને પૃથ્વી સાથેના ઊંડા જોડાણોને સ્થાપિત કરે છે. મુલધરા તમામ ચક્રોનું સૌથી સહજઅસ્તિત્વ કેન્દ્ર છે. મુલાધરાની શક્તિ આપણને હિંમત, સંસાધનો અને પ્રયાસશીલ સમય દરમિયાન રહેવાની ઈચ્છાને સહન કરવાની પરવાનગી આપે છે.આપણા પોતાના જીવનની જવાબદારી પૂર્વક અચેતન પ્રકાશમાં લાવવાનું આપણું કાર્ય છે. પૃથ્વી તત્વ ,લાલ રંગ,ચાર કમળની પાંખડીઓ આકાર, એન્ડ્રોકિન ગ્રંથિ - એડ્રેનલ કોર્ટેક્સ, શારીરિક જોડાણ - હાડપિંજરનું માળખું, દાંત, મોટી આંતરડા, કિડની, લોહી, ૧૨ મહિના વિકાસશીલ તબક્કો , ગ્રહો - શનિ, પૃથ્વી , દેવતા- બ્રહ્મા, ગણેશ. મુલધર ચક્રનું અસંતુલન થી આળસ, અસ્તિત્વમાં ભય, નકારાત્મક ઊર્જા, વધારે ચિંતિત, ગુસ્સે થવું. શારિરીક સમસ્યાઓમાં દુખાવો, કબજિયાત, સોયાટિકા, નીચલા પીઠનો દુખાવો, હરસ, પ્રોસ્ટેટ સમસ્યાઓનો સમાવેશ થઈ શકે છે. આ ચક્રને કેવી રીતે સંતુલિત કરવું ? મુલધરાને સંતુલિત કરવા ગ્રાઉન્ડિંગ એ અસરકારક રીત માટે પૃથ્વીના સ્થાયી રૂપે જમીન સાથે જોડાણ ઊર્જાને સંતુલિત કરી શકે છે.

**૨. સેક્રલ ચક્ર - સ્વાધિષ્ઠા :**

મુલ્ધધર ચક્ર નું સ્થાન ક્યાં છે ?: મુલ્ધધર ચક્ર ઉપરની લગભગ બે આંગળીઓની પહોળાઈ સ્વધિષ્ઠાન માટે એકાગ્રતા બિંદુ છે.જાતીય અવયવો ઉપર અને નાભિ નીચે ફક્ત મૂળ ચક્ર ઉપર જ સ્થિત છે. સ્વધિષ્ઠા ચક્ર મૂળ ચક્રની પૃથ્વીની ઊર્જાને રૂપાંતરિત કરે છે અને સર્જનાત્મકતા અને આનંદ માટે તેનો ઉપયોગ કરે છે. પવિત્ર ચક્ર પણ તમને આંતરિક જ્ઞાન, સ્થિરતા અને વ્યક્તિગત વિકાસ સાથે જોડે છે. જ્યારે રુટ ચક્ર અસ્તિત્વ સાથે સંતુષ્ટ છે, આ ચક્ર લાગણી, ભાવના, આનંદ, સંવેદના, આત્મવિશ્વાસ અને જોડાણનું કેન્દ્ર છે . આ ચક્ર સર્જનાત્મક શક્તિનું કાર્ય કરે છે. પાણી તત્વ, નારંગી રંગ , અર્ધચંદ્રાકાર સાથે વર્તુળ આકાર , છ કમળની પાંખડીઓ , એન્ડ્રોકિન ગ્રંથિઃ અંડાશય, કર્કરોગ, શારીરિક જોડાણ - જનનાંગ, કિડની, મૂત્રાશય, ૬ મહિના - ૨ વર્ષ વિકાસશીલ તબક્કો, ગ્રહો - બુધ, ગુરુ, ચંદ્ર , દેવતા- ઈન્દ્ર, રકિની, વિષ્ણુ. સ્વાદ્ધાષ્ઠન ચક્રની અસંતુલનથી ઈર્ષા, ડર, જાતીય તકલીફ, અવ્યવસ્થિત લાગણીઓ અને જોડાણો, કોઈના આત્માસ્વમાંથી અલગ થવું એ અવરોધિત લક્ષણો છે.

- ચિરાગ શરદકુમાર જાની

(ક્રમશઃ)

# વાઢકાપ કરતી વખતે દર્દીને બેભાન કરવા માટે કયો પદાર્થ વપરાય છે ?

## વિજ્ઞાનજગત




૧ અવકાશ વિજ્ઞાનક્ષેત્રે કયા ભારતીય વૈજ્ઞાનિકનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે ?
(અ) ડૉ. વિકર્મ સારાભાઈ (બ) હોમીભાભા
(ક) ડૉ. અબ્દુલ કલામ (ડ) જગદીશચંદ્ર બોઝ

૨ તરતા પદાર્થનો નિયમ કોણે આપ્યો હતો ?
(અ) રોબર્ટ બોઈલ (બ) ન્યૂટન
(ક) આર્કીમીડીઝ (ડ) મેન્ડેલીફ

૩ હૃદયના દબાણની અસર માપવાના સાધનને શું કહે છે ?
(અ) થેસોસ્કોપ (બ) હાઈડ્રોમીટર
(ક) સોનોગ્રાફ મશીન (ડ) કાર્ડીઓગ્રામ

૪ સૂર્યના પાર ઝાંબલી કિરણોથી આપણું રક્ષણ કયો વાયુ કરે છે ?
(અ) ક્લોરીન (બ) ઓઝોન
(ક) કાર્બન ડાયોકસાઈડ (ડ) હિલિયમ

૫ વાઢકાપ કરતી વખતે દર્દીને બેભાન કરવા માટે કયો પદાર્થ વપરાય છે ?
(અ) ફિનોફેથેલીન (બ) ગ્લીસરીન
(ક) લીકર એમોનીયા (ડ) ક્લોરોફોર્મ

૬ અવકાશમાં ઉડતા વિમાનોની ગતિવિધિ જાણવા માટેના યંત્રને શું કહે છે ?
(અ) રડાર (બ) હેમ રેડિયો
(ક) લેસરગન (ડ) રેડિયો ટેલિસ્કોપ

૭ પેનિસીલીનની શોધ કોણે કરી હતી ?
(અ) એડવર્ડ જેનર (બ) એલેકઝેન્ડર ફલેમીંગ
(ક) લૂઈ પાશ્ચર (ડ) ડૉ. ક્રિશ્ચિયન બર્નાડ

૮ દરિયાની ઊંડાઈ માપવાનો એકમ કયો છે ?
(અ) કિ.મી. (બ) માઈલ
(ક) ફેધમ (ડ) મીટર

૯ હવામાં ઉડાડવામાં આવતા ફુગ્ગાઓમાં કયો ગેસ ભરવામાં આવે છે ?
(અ) હિલિયમ (બ) હાઈડ્રોજન
(ક) નાઈટ્રોજન (ડ) ઓર્ગેન

૧૦ નીચેનામાંથી કયા રોગ માટે ત્રિગુણી રસી નથી ?
(અ) ડિપ્થેરિયા (બ) ધર્નુવા
(ક) ઉટાંટીયુ (ડ) શીતળા

૧૧ દીવામાં તેલ વાટ દ્વારા ઊંચે ચઢે છે તેમાં કયો સિદ્ધાંત છે ?
(અ) આસૃતિદાલ (બ) પૃષ્ઠતાણ
(ક) કેષાકર્ષણ (ડ) ગુરુત્વાકર્ષણ

૧૨ ભારતની પ્રથમ અણુભઠ્ઠીનું નામ શું છે ?
(અ) આર્યભટ્ટ (બ) ભાસ્કર
(ક) રોહિણી (ડ) અપ્સરા

૧૩ બાયોગેસ પ્લાન્ટમાંથી કયો સળગી શકે તેવો વાયુ નીકળતો હોય છે ?
(અ) બ્યુટેન (બ) મિથેન
(ક) પ્રોપેન (ડ) હાઈડ્રોજન

૧૪ નીચેનામાંથી કયો રંગ મૂળભૂત રંગ નથી ?
(અ) કાળો (બ) લાલ
(ક) પીળો (ડ) વાદળી

૧૫ ઈન્સ્યુલીનની શોધ કોણે કરી હતી ?
(અ) બેન્ટીંગ અને બેસ્ટ (બ) જહોન લઈર્ડ
(ક) મેન્ડલે (ડ) જહોન નેપિયર

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્વની ઘટનાઓ**

- **૬ સપ્ટેમ્બર :**
  ગુજરાતી સાહિત્યકાર સુરેશ જોષીની પુણ્યતિથિ (૧૯૮૬)
  નારી ઉદ્ધારની ઉમદા સેવા બદલ શાંતિ માટેનું નોબેલ પારિતોષિક મેળવનાર અમેરિકન સન્નારી શ્રીમતી જેઈન એડમ્સનો જન્મદિવસ (૧૮૬૦)
  ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ શરૂ થયું (૧૯૬૫)
  બેટ્સમેન સઈદ અનવરનો જન્મદિવસ (૧૯૬૮)
- **૭ સપ્ટેમ્બર**
  કવિ દામોદર બોટાદકરની પુણ્યતિથિ (૧૯૨૪)
  હાઈ વોલ્ટેજ જનરેટરના શોધક જેમ્સ આલ્ફ્રેડ વાન એલનનો જન્મદિવસ (૧૯૧૪)
  ઈલાબેન ર. ભટ્ટની જન્મજયંતિ (૧૯૩૩)
  - જર્મન હવાળીદળે લંડન પર સતત આઠ કલાક બોમ્બમારો કર્યો જેના કારણે લંડન ભળકે બળ્યું (૧૯૪૦)
- **૮ સપ્ટેમ્બર : વિશ્વ સાક્ષરતા દિવસ**
  - કસુંબલ ડાયરાને દરબાર ગઢમાંથી પ્રજા વચ્ચે લાવનાર લોકસાહિત્યકાર હેમુ ગઢવીનો જન્મદિવસ (૧૯૨૯)
  - ફિલ્મ ગાયિકા આશા ભોંશલેનો જન્મદિવસ (૧૯૩૬)
  - ઈંદિરા ગાંધીના પતિ ફિરોઝ ગાંધીની પુણ્યતિથિ (૧૯૬૦)
  - સ્વામી શિવાનંદની જન્મજયંતિ (૧૮૮૭)
- **૯ સપ્ટેમ્બર :**
  - શ્વેત ક્રાંતિના સર્જક ડૉ. વર્ગીસ કુરિયનનું નિધન (૨૦૧૨)
  - સુપ્રસિદ્ધ રશિયન નવલકથાકાર લિયો ટોલ્સયોનો જન્મદિવસ (૧૮૨૮)
  - ગાંધીવાદી, કેળવણીકાર કિશોરલાલ મશરુવાલાની પુણ્યતિથિ (૧૯૫૨)
  - હિન્દી ભાષાનું ગૌરવ વધારનાર ભારતેન્દુ હરિશ્ચંદ્રનો જન્મદિવસ (૧૮૫૦)
- **૧૦ સપ્ટેમ્બર : આત્મહત્યા વિરોધી દિન**
  - ભારત રત્ન સન્માનિત ગોવિંદ વલ્લભપંતનો જન્મદિવસ (૧૮૮૭)
  - જામનગરના જામ રણજિતસિંહનો જન્મદિવસ (૧૮૯૨)
  - સુંદરજી ગોકળદાસ બેટાઈનો જન્મદિવસ (૧૯૦૫)
  - મણિલાલ દ્વિવેદીનો જન્મદિવસ (૧૮૫૮)
- **૧૧ સપ્ટેમ્બર : વિનોબાભાવેની જન્મજયંતિ**
  - સાહિત્યકાર જયોતિન્દ્ર દવેનું નિધન (૧૯૮૦)
  - વિનોબા ભાવેનો જન્મદિવસ (૧૮૯૫)
  - શિકાગો ખાતે વિશ્વધર્મ પરિષદમાં સ્વામી વિવેકાનંદનું વ્યાખ્યાન (૧૮૯૩)
  - અમેરિકાના ટ્વિન ટાવર વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર આતંકવાદી હુમલો, ૩૦૦૦ ના મોત (૨૦૦૧)
- **૧૨ સપ્ટેમ્બર :**
  - અસ્પૃશ્યતા નિવારણ માટે જીવન સમર્પિત કરી દેનાર પરીક્ષિતલાલ મજમુદારનો જન્મદિવસ (૧૯૦૧)
  - વિભૂતિભીષણ બંદોપાધ્યાયની જન્મજયંતિ (૧૮૯૪)
  - ભારતીય લશ્કરે હૈદરાબાદ પર ચઢાઈ કરી (૧૯૪૮)
- **૧૩ સપ્ટેમ્બર :**
  - સાહિત્યકાર ડૉ. આનંદકુમાર સ્વામીનો જન્મદિવસ (૧૮૭૦)
  - દુનિયાના નામાંકિત ક્રિકેટર શેનવોર્ડનો જન્મદિવસ
  - સોફિયા વાડિયાની જન્મજયંતિ
  - બોલીવુડ દિવાસ મહિલા એટલે કે રીતુ ચૌધરી

**ગત સપ્તાહના સવાલનો જવાબ**

તાજેતરમાં કયા પૂર્વ નાણામંત્રીની ભ્રષ્ટાચાર મુદ્દે ધરપકડ થઈ છે?
જવાબ : પી. ચિદંબરમ્

**સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો**

(૧) મહેશ એમ. જાદવ : ગૂ. વિદ્યાપીઠ (૨) નટુભાઈ દરજી : પેથાપુર
(૩) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૪) જયેન્દ્રપ્રસાદ પાઠક - સે-૬
(૫) ઋજિત રાવલ - ૧૨૨૨/૨, સે-૭ડી (૬) આકાશ જી. પટેલ : સરગાસણ


**આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)**

ઉત્તરપ્રદેશના ગર્વનર તરીકે કોને નિયુક્ત કરવામાં આવ્યા છે?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર


# ઉદારતાનું અપ્રતિમ ઉદાહરણ

સાબરમતી અને ચંદ્રભાગા - બે નદીઓના સંગમ ઉપર મહર્ષિ દધીચિનો આશ્રમ હતો. તેઓ મહર્ષિ ચ્યવ અને સુકન્યાના પુત્ર હતા. તેમનામાં વિદ્વતા, તપસ્યા અને ઉદારતા ઉચ્ચ કક્ષામાં હતા. પત્ની સુર્વચા સહધર્મચારિણી હતી.



જોડિયા ભાઈઓ અશ્વિનીકુમારો વૈદ્ય હતા. તેથી શરીરવિદ્યામાં નિપુર્ણ હતા. પરંતુ તેમને આત્મવિદ્યાની ઝંખના હતી. દેવરાજ ઈન્દ્રએ નિષેધ ફરમાવ્યો હતો, કે કોઈ આચાર્યએ એમને અધ્યાત્મ વિદ્યા આપવી નહિં, પંરતુ અશ્વિનીકુમારોને શ્રદ્ધા હતી કે કુલપતિ દધીચિ એમને નિરાશન હિ કરે. તેઓ દધીચિ પાસે આવ્યા. ગુરુ પાસે કોઈ નમ્રભાવે જિજ્ઞાસા સાથે શિષ્ય થવા આવે, તો ગુરુની ફરજ છે - વિદ્યાદાન કરવું. એ વખતે શિષ્યનો વ્યવસાય ઉચ્ચ છે કે નિમ્ન; એ ન જોવાય. દધીચિએ એમને અધ્યાત્મ વિદ્યાનું જ્ઞાન આપ્યું.

ઈન્દ્રને ખબર પડી. પોતાના આદેશનો ભંગ કરવા બદલ એણે દધીચિનો શિરચ્છેદ કરી નાખ્યો! પરંતુ અશ્વિનીકુમારો તો શરીરવિદ્યાના નિપુર્ણ વૈદ્ય હતા. એમણે ગુરુદક્ષિણા આપવાની હતી. પોતાની વિદ્યાના બળે, એમણે દધીચિના મસ્તકનું પુનઃસંધાન કરી આપ્યું.



વૃત્ર તો ખરેખર મહાજ્ઞાની બ્રાહ્મમ હતો. એમના પિતા વિશ્વરુપને અકારણ ઈન્દ્રએ મારી નાખ્યો હતો. આથી એને જન્મથી જ ઈન્દ્ર સાથે વૈર હતું. ખરેખર એનો જન્મ જ આ માટે થયો હતો. એના પિતામહ ત્વષ્ટા હતા. એણે યજ્ઞ કર્યો હતો. યજ્ઞની જવાળામાંથી વૃત્ર પ્રગટ્યો. ઈન્દ્રને પરાજિત કરે એવા પૌત્રની ત્વષ્ટાને જરૂર હતી. અસુરોએ આ વૃત્રના પરાક્રમ અને સાહસ જોયા. એને પોતાનો રાજા બનાવી દીધો.




અસુરરાજ વૃત્રએ દેવો ઉપર આક્રમણો શરૂ કરી દીધા. એમણે ઠેકઠેકામે હરાવી દીધા. એમનાં શસ્ત્રો અને અસ્ત્રો આંચકી લીધા. સ્વર્ગ ઉપર આધિપત્ય સ્થાપી દીધું. નિરાશ થઈને દુઃખી થઈને તેઓ ભગવાન વિષ્ણુને શરણે ગયા. એમણે ઉપાય બતાવ્યો, 'કોઈ પરમપવિત્ર પુરુષના અસ્થિઓ પણ એવાં જ પવિત્ર હોય, તેમાંથી આયુધ બને,તો એ આયુધથી વૃત્ર મરી શકે. આવા પરમપવિત્ર માત્ર દધીચિ છે.'

ઈન્દ્રના નેતૃત્વમાં દેવો દધીચિ પાસે આવ્યા. દેવોએ દધીચિને વાકેફ કર્યા. ઈન્દ્રએ દધીચિના પગમાં પડીને વિનંતી કરી. આ ઈન્દ્રએ, પોતાના ક્રોધાવેશમાં શિરચ્છેદ કર્યો હતો. તેમ છતાં દધીચિએ સંમતિ આપતા કહ્યું, 'આમ પણ આ શરીર નાશ તો પામવાનું જ છે, અત્યારે દેશનાશથી આ સમાજનું દુઃખ દૂર થતું હોય, કલ્યાણ થતું હોય, તો મને દેહ છોડવામાં ખુશી છે.'

ચંદ્રભાગા નદીમાં એમણે સ્નાન કર્યું. પદ્માસન લીધું અને યોગમાર્ગે આત્માને પરમાત્મા સાથે જોડીને, દેહ છોડ્યો, એના હૃદય પાસેના પવિત્ર અસ્તિપિંજર ઈન્દ્રે વિશ્વકર્માને આપ્યા. વિશ્વકર્માએ એમાંથી વજ્ર બનાવ્યું. ઈન્દ્રે વૃત્રને યુદ્ધ માટે લલકાર્યો. તેમ છતાં ૩૬૦ દિવસ આ યુદ્ધ ચાલ્યું. અંતે વજ્રથી ઈન્દ્રને હાથે વૃત્ર મરાયો.

ભાદરવા મહિનાની સુદની આઠમે 'દધીચિ જયંતિ' છે. દધીચિ વૃત્તાન્ત અનેક રીતે પ્રેરણાદાયી છે. હદ બહારની ઉદારતા, પોતાનો શિરચ્છેદ કરનારની ઈચ્છા સંતોષવા, વ્યાપક સમાજના કલ્યાણ માટે દેહ છોડી દેવાનો. કોઈ પણ જિજ્ઞાસુ હોય, એને કોણ છે એ જોયા વગર વિદ્યાદાન કરવાનું.

આ દિવસે આ ઉદારમના, તપસ્વી અને જ્ઞાની અને પવિત્ર પુરુષને વંદન.